## કોરોનાવાયરસની ચેઈન તોડવા નેત્રંગ ટાઉનમાં બીજી વખત ત્રણ દિવસ સ્વૈચ્છિક લોકડાઉન

નેત્રંગ: નેત્રંગ ટાઉનમાં કોરોના વાયરસે પોતાનો વિકરાળ પંજો ફેલાવતાં કોરોનાથી મોતનો આંક વધી રહ્યો છે અને સંક્રમિતોનો આંક પણ બેલગામ આગળ વધતાં કોરોનાની ચેઈન તોડવા નેત્રંગ ટાઉનના તમામ નાના-મોટા વેપારીઓએ એકજૂટ થઇ એપ્રિલ માસમાં પાંચ દિવસ માટે સ્વૈચ્છિક લોકડાઉન કર્યા બાદ ચાલુ મે માસ દરમિયાન ૫ મે ને બુધવારથી ૭ મે ને શુક્રવારે ૩ દિવસ માટે સંપૂર્ણ સ્વૈચ્છિક લોકડાઉનની જાહેરાત કરી છે. નેત્રંગ ટાઉન સહિત પંથકમાં કોરોનાની રફ્તાર બેલગામ આગળ વધતા કોરોનાથી મોતનો આંક વધી રહ્યો છે. બીજી તરફ કોરોના સંક્રમિતોની સંખ્યામાં ધરખમ વધારો જોવા મળતાં નેત્રંગ ટાઉનના કરિયાણા સહિતના અન્ય વેપારી મિત્રો તેમજ નેત્રંગ ગ્રામ પંચાયતનાં મહિલા સરપંચ સીમાબેન વસાવા તેમજ પંચાયત સભ્યો, તાલુકા પંચાયતનાં પ્રમુખ લીલાબેન માનસિંગભાઈ વસાવા તેમજ અન્ય પદાધિકારીઓની એક મીટિંગ ૨ મેના રોજ મળી હતી, જેમાં સર્વાનુમતે તા.૫ મે ને બુધવારથી ૭ મે ને શુક્રવાર ત્રણ દિવસ દરમિયાન સ્વૈચ્છિક લોકડાઉનની તમામ વેપારી મિત્રોને અપીલ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગ દ્વારા તાલુકાના ખરેઠા ખાતે તેમજ નેત્રંગ ખાતે મહિલા આઈટીઆઇ ભવન ખાતે કોવિડ-૧૯ કેર સેન્ટર શરૂ કરવા માટે તૈયારી કરાઈ રહી છે. આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ રાબેતા મુજબ ખડેપગે રાત-દિવસ પોતાની ફરજ બજાવી રહ્યા છે. સાથે સાથે વેક્સિન મૂકવાની કામગીરી પણ ચાલી રહી છે.

## ચાણોદ-કરનાળીમાં પ્રવાસીઓ અને અસ્થિ વિસર્જન કરવા આવતા લોકો પર પ્રતિબંધ

**કોરોનાએ** જીવન તો છીનવ્યું, હવે મૃત્યુ પછી અસ્થિ વિસર્જનની આસ્થાનો અધિકાર પણ છીનવાયો



અંકલેશ્વર: ગુજરાતમાં કોરોનાના કેસો વધતા જતા હોવા ઉપરાંત મૃત્યુનો આંકડો પણ વધી રહ્યો છે. ત્યાં મૃતકોનાં અગ્નિસંસ્કાર, નર્મદા કિનારે ક્રિયાકર્મ અને અસ્થિ વિસર્જન માટે લાઈનો લાગી રહી છે.

બીજી તરફ સરકારની ગાઈડલાઈન મુજબ મૃત્યુ પ્રસંગમાં 50થી વધુ લોકોને જવાની મનાઈ છે. જો કે, નર્મદાના ચાણોદ ખાતે આવેલી ઉત્તર વાહીની નર્મદા નદી અને જેમાંય આ જ જગ્યાએ ત્રિવેણી સંગમ થતાં ગંગા અને યમુના જેટલું જ ધાર્મિક સ્થળ ગણવામાં આવે છે. નદી કિનારે પણ હવે વિધિ માટે 5થી વધુ લોકોને જવા દેવાતા નથી. છતાં લોકોની ધાર્મિક લાગણી નહીં દુભાય એ માટે લોકો નિયમો તોડી નર્મદા કિનારે અસ્થિ વિસર્જન કરવા રાજ્યભરમાંથી આવી રહ્યા છે. ત્યારે દેશભરમાં અસ્થિ વિસર્જન માટે જાણીતા કરનાળી નર્મદા તટે અસ્થિ વિસર્જન માટે મોટી સંખ્યામાં આવતાં લોકો માટે બ્રેક લગાવી દેવાઈ છે. કરનાળી જૂથ ગ્રામ પંચાયતે બહારથી આવતા પ્રવાસીઓ તેમજ અસ્થિ વિસર્જન કરવા આવતા લોકો માટે પ્રતિબંધ ફરમાવી બહારના લોકોને ગામમાં પ્રવેશ કરવો નહીં તેવો આદેશ કરી દેવાયો છે. કરનારી જૂથ ગ્રામ પંચાયતે જાહેર જનતાને આ અંગે અપીલ કરી છે કે, કોરોનાનો વધુ ફેલાવો ના થાય એ માટે કરનારી ગ્રામમાં લોકડાઉન કરવામાં આવ્યું છે. તેથી બહારથી આવતા પ્રવાસીઓ તેમજ અસ્થિ વિસર્જન માટે કરનારી ગામમાં પ્રવેશ નહીં કરવા ગ્રામ પંચાયતે નિર્ણય કરી પ્રવેશબંધી ફરમાવી દીધી છે.

કોરોનામાં થતા મૃત્યુમાં પરિવારજનો મોતનો મલાજો પણ લાચારીવશ પાળી શકે એ અવસ્થામાં રહ્યા નથી. ક્યાંક તો સ્વજનનો અંતિમ ચહેરો પણ જોવા મળી રહ્યો નથી. આવી સ્થિતિમાં મૃત્યુ બાદ પવિત્ર નર્મદા નદીમાં અને ત્રિવેણીસંગમ ચાંદોદ-કરનાળીમાં અસ્થિ વિસર્જનની આસ્થા પણ કોરોનાએ છીનવી લીધી છે.

## ઝઘડિયા પોલીસ મથકના પીઆઈ કોરોના સંક્રમિત

**સરકારી** ચોપડે અત્યાર સુધી 450 કેસ નોંધાયા

ઝઘડિયા: શહેરો બાદ હવે કોરોનાનો કહેર ગામડાંમાં પણ જોવા મળી રહ્યો છે. ઝઘડિયાનાં ગોવાલી, ઝઘડિયા, ધારોલી, પડવાણીયા, અવિધા, જેસપોર, પાણેથા, ભાલોદ, પીએચસી વિસ્તારોનાં ગામડાંમાંથી રોજેરોજ કોરોનાના લક્ષણ ધરાવતા દર્દીઓનો રાફડો ફાટ્યો છે. ત્યારે ઝઘડિયા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર પ્રવીણભાઈ વસાવા પણ કોરોનાથી સંક્રમિત થયા છે. જાણવા મળતી માહિતી પ્રમાણે તેઓ હાલ તેમના નિવાસસ્થાને હોમ ક્વોરન્ટાઈન થયા છે. અત્યાર સુધી ઝઘડિયા તાલુકાના આઠ જેટલા પીએચસી વિસ્તારોમાં ૪૫૦થી વધુ કોરોનાના કેસ સરકારી ચોપડે નોંધાઈ ચૂક્યા છે. ત્યારે ખાનગી લેબોરેટરી તથા ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેતાં દર્દીઓની સંખ્યા સરકારી આંકડાઓ કરતાં ડબલ હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે.

### હાંસોટ મામલતદાર કચેરીના ચાર કર્મચારી કોરોના પોઝિટિવ

હાંસોટ: હાંસોટ મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓને પણ કોરોનાનું ગ્રહણ લાગ્યું છે. કચેરીના મામલતદારના ડ્રાઈવર તથા પૂરવઠા ક્લાર્ક ઉપરાંત તલાટી અને મહેસૂલ વિભાગના ક્લાર્કને કોરોના પોઝિટિવ આવતાં તમામ કર્મચારીઓ હાલ સારવાર હેઠળ છે. આમ પણ છેલ્લા એક માસથી જનસેવા કેન્દ્ર બંધ રાખવામાં આવ્યું છે. જેથી મામલતદાર કચેરીમાં અવરજવર નહીંવત રહે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવી રેફરલ હોસ્પિટલ ખાતે પંખાનું વિતરણ કરાયું




હિતેશ પટેલ

માંડવી: માંડવી રેફરલ હોસ્પિટલ ખાતે કોવિડ-19 સેન્ટરમાં સેતુ, સંવેદના ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી સાંસદ પ્રભુ વસાવાના હસ્તે 12 ઊભા પંખાનું વિતરણ કરાયું હતું. જેથી કોરોનાના દર્દીઓને રાહત મળશે.

### મકતમપુર જી.ઈ.બી. કચેરી ખાતે ઊર્જા વિભાગના કર્મચારીઓને કોવિડ-19ની રસીનો દ્વિતીય ડોઝ અપાયો



સુરેશ ગાંધી

અંકલેશ્વર: ભરૂચના મકતમપુર જી.ઇ.બી કચેરી ખાતે અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ, કર્મચારી યુનિયનનાં મહામંત્રી ચિરાગ શાહ તથા ડીજીવીસીએલ અને જેટકો મેનેજમેન્ટ તથા ભરૂચ જિલ્લા આરોગ્ય અધિકારી, ભરૂચ તાલુકા આરોગ્ય અધિકારીના સહયોગથી આવશ્યક સેવા હેઠળ આવતા ઊર્જા વિભાગના કર્મચારીઓને એપ્રિલના પ્રથમ સપ્તાહમાં કોરોનાની રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. સોમવારે જી.ઇ.બી. કચેરી ખાતે 250થી વધુ કર્મચારીઓને કોવિડ-19ની રસીનો દ્વિતીય ડોઝ આપવામાં આવ્યો હતો.

### સાંકી ગામે 26 યુનિટ બ્લડ એકત્રિત કરાયું

પલસાણા: નવસારી ખાતે કાર્યરત રોટ્રેક્ટ ક્લબ ઓફ હરિજ્યોત તેમજ રોટરી આઈ ઇન્સ્ટિટ્યૂટ નવસારી દ્વારા પલસાણાના સાંકી ગામ ખાતે રક્ત દાન શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં ૨૦ યુનિટ જેટલું બ્લડ એકત્રિત કરવાનો લક્ષ્યાંક રખાયો હતો. છતાં માત્ર બે કલાકમાં ૨૬ યુનિટ જેટલું બ્લડ એકત્રિત કરાયું હતું. જે રક્ત રેડ ક્રોસ બ્લડ બેન્કને અર્પણ કરવામાં આવ્યું હતું.

### બિહારના યુવાને ભાટકોલ ગામે ફાંસો ખાધો

હથોડા: મૂળ બિહારનો વતની અને હાલ કીમ ચાર રસ્તા નજીકના ભાટકોલ ગામે રહીને મજૂરીકામ કરી ગુજરાન ચલાવતા ૩૯ વર્ષના યુવાન રમણકુમાર વનારસી સિંગે અગમ્ય કારણોસર ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું. આ બનાવ અંગે ભાટકોલના જાગૃત નાગરિકે કોસંબા પોલીસને જાણ કરતાં કોસંબા પોલીસે યુવાનની લાશનો કબજો લઇ વધુ તપાસ હાથ ધરી છે.

### કામરેજ ગામમાં આરએસએસ દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

કામરેજ : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા રવિવારે સવારે 8.30 થી બપોર ના 2.00 કલાક સુધીમાં કામરેજ ગામ પાસે આવેલા ABC કેનાલ રોડ પર લોક સમર્પણ રક્તદાન બેંકના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં કુલ 116 યુનિટ બોટલ રક્તદાન એકઠું કરવામાં આવ્યું હતું.

## ભરૂચ પાલિકાના ચેરમેનોએ ચાર્જ સંભાળ્યાના દિવસે જ સોશિયલ ડિસ્ટન્સનાં ધજાગરા ઊડ્યાં

**ભરૂચમાં** આરોગ્યની સગવડ સિવાય અંશત: લોકડાઉન, પાલિકાની ઓફિસોમાં જ જાહેરનામાનો ભંગ



સુરેશ ગાંધી

અંકલેશ્વર, ભરૂચ : ભરૂચ નગરપાલિકામાં સોમવારે વિવિધ શાખાઓના ચેરમેન પોતાનો ચાર્જ સંભાળી રહ્યા છે. આ ચાર્જ સંભાળવાની કામગીરીમાં ખુદ નગરપાલિકાના સત્તાધીશોએ જ કોરોનાનું સંક્રમણ ફેલાવતા હોય તેવું વાતાવરણ નગરપાલિકા ઓફિસોમાં જોવા મળ્યું છે.

ભરૂચ નગરપાલિકામાં સોમવારે લાઈટ શાખા, કાયદા શાખા, સમાજ કલ્યાણ શાખા, સેનેટરી શાખા, મેડિકલ શાખા સહિતની જુદી જુદી 13 જેટલી સમિતિના સભ્યોના સોમવારે ચાર્જ સંભાળવામાં આવ્યો હોય વિધિવત રીતે ચાર્જ સંભાળતા સત્તાધીશો તેમના મોટા પ્રમાણમાં સમર્થકો સાથે નગરપાલિકા કચેરી ખાતે આવ્યા હતા. આ ચાર્જ સંભાળવાની કામગીરી તો માત્ર ચેરમેન આવીને જ વિધિવત રીતે કામગીરી કરી શકતા હોય, પરંતુ લોકોનાં ટોળાં એકઠા થતાં ખુદ સત્તાધોશો કોરોના સંક્રમણમાં વધારો કરી રહ્યા હોવાથી કોરોનાની ગાઈડલાઈનનાં ધજાગરા ઊડતા નગરપાલિકા સમિતિઓમાં જોવા મળ્યા હતા. અહીં નોંધનીય છે કે, હાલના સમયમાં ભરૂચમાં સ્વૈછીક લોકડાઉન ચાલી રહ્યું છે. તો બીજી તરફ કલેક્ટરના જાહેરનામા દ્વારા પણ અન્ય તમામ પ્રકારનાં મોલ, ખાણીપીણી, જ્વેલર્સ સહિતની દુકાનો કે વધુ પડતા લોકો એકઠા ન થાય તેની તકેદારીના ભાગરૂપે ભરૂચમાં આરોગ્યની સગવડ સિવાય અંશત: લોકડાઉન છે. તેવામાં નગરપાલિકાની ઓફિસો ખાતે ચાર્જ લેતાં અધિકારીઓએ દ્વારા જ જાહેરનામાનો ઉલાળિયો કરવામાં આવ્યો છે. લોકોને વધુ પડતા એકઠા ન થવાની વિનંતી કરનાર નગરપાલિકા સત્તાધીશો જ ખુદ પોતાના સમર્થકો સાથે નગરપાલિકા કચેરીએ આજે પહોંચ્યા હતા. તો ચાર્જ લેવાની કામગીરી માત્ર જેને ચાર્જ સંભાળવાનો હોય તે પણ આવીને કરી શકતા હોય છે. પરંતુ નગરપાલિકાનાં શાસનાધિકારી દ્વારા જ લોકોનાં ટોળાં એકઠાં કરાયાં તેમજ કોરોનાની ગાઈડલાઈનનાં સરેઆમ ધજાગરા થતાં જોવા મળ્યા હતા.

## અંકલેશ્વર શહેરી વિસ્તારમાં વેક્સિનેશનની કામગીરી અત્યંત ધીમી હોવાથી ચિંતા

**ત્રણ સેન્ટર** હોવા છતાં વિલંબ, અંદાજિત ૬૦ હજારની વસતીને સંપૂર્ણ રીતે રસી આપવામાં વર્ષ પણ નીકળી જાય તો નવાઈ નહીં

અંકલેશ્વર: કોરોનાવાયરસના કહેર સામે એક તરફ રાજ્ય સરકારે ૧લી મેથી ૧૮ વર્ષથી ઉપરની તમામ વયના લોકોને વેક્સિન આપવાનું શરૂઆત કરી છે. પરંતુ અંકલેશ્વરમાં આ ચિત્ર એકદમ અસ્પષ્ટ અને ઘેરૂં જણાઈ રહ્યું છે. અંકલેશ્વર શહેરી એટલે કે નગરપાલિકા વિસ્તારની વાત કરીએ તો અંદાજિત ૬૦,૦૦૦ જેટલી વસતી અંકલેશ્વર નગરપાલિકા વિસ્તારમાં વસી રહી છે. અંકલેશ્વર શહેરમાં રસીકરણ માટે ત્રણ કેન્દ્ર આપવામાં આવ્યાં છે. જે અપૂરતાં હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. નોંધનીય છે કે, અંકલેશ્વર શહેરમાં ત્રણ રસીકરણ કેન્દ્રો પર આખા દિવસ દરમિયાન માંડ દોઢસો જેટલા વ્યક્તિઓને રસી આપવામાં આવી રહી છે. આ આંકડો જોતાં 60 હજારથી વધુ વસ્તીને રસીકરણ કરવા માટે એક વર્ષ પણ કદાચ ઓછું પડે. અંકલેશ્વર નગરપાલિકા તંત્ર તેમજ પ્રાંત અધિકારી કચેરીના અધિકારીઓ લોકોને રસીકરણ માટે અપીલ તો નિયમિતરૂપે કરતા હોય છે. પરંતુ લોકોમાં એટલો ઉત્સાહ દેખાતો નથી. જે ચિંતાનો વિષય છે. આ અંગે અંકલેશ્વરના તાલુકા હેલ્થ ઓફિસર દિનેશ વસાવાનો સંપર્ક કરતાં ફોન બંધ આવ્યો હતો.

### ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને બેડ ન મળતાં એમ્બ્યુલન્સમાં જ સારવાર અપાઈ



અંકલેશ્વર, ભરૂચ: ભરૂચમાં કોરોનાનું સંક્રમણ અત્યંત મોટા પ્રમાણમાં ફેલાઈ રહ્યું છે. તેવામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ગઇકાલે રાત્રે ભરૂચની સિવિલ હોસ્પિટલ ખાતે કોવિડ વોર્ડ હાઉસફુલ થઈ જતાં 108 એમ્બ્યુલન્સમાં આવેલા દર્દીઓને કલાકો સુધી બેડ મળ્યા ન હતા, દર્દીઓને બેડ માટે વેઇટિંગમાં રાહ જોવી પડી હતી. આથી ત્રણ એમ્બ્યુલન્સમાં આવેલા દર્દીઓને વેઇટિંગના કારણે પ્રાથમિક સારવાર એમ્બ્યુલન્સમાં આપવાની નોબત આવી હતી.

## અંકલેશ્વર નગરપાલિકાએ ઉમાભવન રેલવે ક્રોસિંગ પાસેના રસ્તાની મરામત કામગીરી કરી

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસીમાં નેશનલ હાઇવે નં.8 પર ઉમાભવન પાસે આવેલ રેલવે ક્રોસિંગ પાસેના રસ્તાની મરામતની કામગીરી કોઈ જવાબદાર વિભાગે ન કરતાં છેવટે નગરપાલિકાએ પૂર્ણ કરી હતી. અંકલેશ્વર જીઆઇડીસી વિસ્તારમાં આવેલ અને ભરૂચ-અંકલેશ્વરની જોડતા જૂના નેશનલ હાઇવે નં.8 પર ઉમા ભવન પાસે રેલવે ક્રોસિંગ આવેલું છે. જ્યાં વારંવાર મોટા અને ઊંડા ખાડા પડી જાય છે.

આ અંગે ઘણા લાંબા સમયથી જવાબદાર રેલવે વિભાગ કે પી.ડબ્લ્યૂ.ડી.ને રજૂઆત કરી હોવા છતાં પણ તંત્ર દ્વારા આ રસ્તાની મરામતની કામગીરી હાથ ધરવામાં આવી ન હતી.

અત્રે નોંધનીય છે કે, આ રસ્તા પરથી જ રોજ અંકલેશ્વરના મામલતદાર ન્યાયાધીશ તેમજ પ્રાંત અધિકારી જેવા ઉચ્ચ અધિકારીઓ પસાર થાય છે અને તમામ માટે આ માર્ગ અત્યંત હાલાકીજનક બની રહ્યો હતો. જો કે, જવાબદાર તંત્ર દ્વારા આંખ આડા કાન કરાયા હતા. પરંતુ અંકલેશ્વર નગરપાલિકાના ધ્યાને આ વાત આવતાં કારોબારી ચેરમેન સંદીપ પટેલે રવિવારે આ રસ્તાની કામગીરી પૂર્ણ કરાવી હતી અને લોકોને અવરજવરમાં તકલીફ ન પડે એનું ખાસ ધ્યાન રાખ્યું હતું. જેનાથી લોકોને પણ ભારે રાહતની લાગણી અનુભવવા મળી રહી છે.

## નેત્રંગમાં કોરોના સંકમણના દર્દીઓ વધતાં જિલ્લા પંચાયતના આરોગ્ય ચેરમેન દોડ્યા

**સીએચસી,** પીએચસી સેન્ટરની મુલાકાત લીધી, જરૂરી સૂચનો કર્યાં



પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ તાલુકામાં કોરોના સંકમિત દર્દીઓની સંખ્યામાં ધરખમ વધારો થઈ રહ્યો છે. વૈશ્વિક મહામારી કોરોનાવાયરસ ચારેય દિશામાં પ્રસરતાં લોકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. નેત્રંગ તાલુકાના તમામ ખાનગી અને સરકારી દવાખાનામાં દર્દીઓનો ભારે જમાવડો જોવા મળી રહ્યો છે. કોરોના સંક્રમણના કારણે ગ્રામ્ય વિસ્તારની પ્રજા ભયયુક્ત માહોલમાં જીવનનિર્વાહ કરવા મજબૂર બની છે. તેવા સંજોગોમાં નેત્રંગ ગ્રા.પંચાયત, વેપારી મંડળના આગેવાનો અને નેત્રંગ તા.પંચાયતના સત્તાધીશોએ સમગ્ર નેત્રંગ ગામને કોરોના સંક્રમણથી અટકાવવા 5-મેથી 7-મે એટલે ૩ દિવસ સંપૂર્ણ લોકડાઉન કરવાનો નિર્ણય કર્યો છે. જ્યારે નેત્રંગ તાલુકામાં કોરોના સંક્રમણના કેસો વધતાં ભરૂચ જિ.પં.ની આરોગ્ય સમિતિનાં ચેરમેન આરતીબેન પટેલે નેત્રંગ તાલુકા મથકે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ચાસવડ અને કરાઠા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત દીધી હતી અને તબીબોને કોરોના સંક્રમિત દર્દીઓની યોગ્ય સારવાર થાય અને કોરોના સંક્રમણ અટકે એ માટે જરૂરી સૂચન આપ્યાં હતાં.

### ભરૂચ કોવિડ સ્મશાનમાં માછીમાર સમાજ દ્વારા 2 બોટ લાકડાંનું દાન અપાયું

ભરૂચ : ભરૂચ જિલ્લામાં કોરોના કાળો કહેર વર્તાવી રહ્યો છે. કોરોનાથી થતા મૃત્યુ આંકમાં સતત વધારો થતો જાય છે. આથી ભરૂચના વેજલપુર માછીમાર સમાજ દ્વારા કોવિડ સ્મશાનમાં લાકડાની સેવા આપવામાં આવી હતી. ભરૂચ જિલ્લામાં કોવિડ-19 થી મોતનું તાંડવ હજુ પણ યથાવત રહ્યું છે. ત્યારે સમાજના સેવાભાવી યુવક મંડળો દ્વારા કોવિડ-19 સ્મશાનમાં સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. ભરૂચ જિલ્લાનાં વેજલપુર માછીમારી સમાજનાં યુવકો દ્વારા જાતે લાકડાં કાપી 2 બોટ ભરીને લાકડાં ભરૂચ જિલ્લાનાં કોવિડ સ્મશાનમાં અનુદાન આપવામાં આવ્યું હતું. આ તકે ભરૂચનાં મંડળો અને સેવાભાવી સંસ્થાઓએ પણ આગળ આવી કોવિડ-19ના દર્દીઓ માટે પણ સેવાભાવી કામગીરી કરવા આ યુવકોએ સંદેશ પાઠવ્યો હતો.

## નર્મદા જિલ્લામાં કોરોનાએ સ્પીડ વધારી, વધુ ૪૭ વ્યક્તિને ચેપ લાગ્યો

**રાજપીપળાની** કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૩૫ દર્દીને રજા અપાઈ

રાજપીપળા: નર્મદા જિ.પં.ના આરોગ્ય વિભાગના એપેડેમિક મેડિકલ ઓફિસર ડો.આર. એસ.કશ્યપ તરફથી સોમવારે તા.૩ જી મે, ૨૦૨૧ના રોજ સાંજે મળેલી જાણકારી મુજબ કોરોનાવાયરસના જિલ્લામાં RTPCR ટેસ્ટમાં વધુ ૩૬ અને એન્ટિજન ટેસ્ટમાં ૧૧ સહિત કુલ ૪૭ પોઝિટિવ કેસ નોંધાયા છે. રાજપીપળાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૩૫ દર્દીને સમવારે રજા અપાઇ છે. આમ, હોમ આઇસોલેશનમાં ૮૮ દર્દી ઉપરાંત રાજપીપળાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૩૭ દર્દી, રાજપીપળાની કોવિડ કેર સેન્ટર ખાતે ૧૧૨ અને પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે ૫૮ દર્દી સહિત કુલ ૨૯૫ દર્દી સારવાર હેઠળ છે. RTPCR ટેસ્ટમાં ૯૮૭ સહિત કુલ ૧૫૪૦ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયાં છે.

### નર્મદા જિલ્લામાં RT-PCR ટેસ્ટ કરાવનાર વ્યક્તિઓ જ બની રહ્યા છે કોરોના સુપર સ્પ્રેડર!

રાજપીપળા: નર્મદા જિલ્લામાં કોરોનાના રોજના સરેરાશ 50 જેટલા કેસો સામે આવી રહ્યા છે. તો બીજી બાજુ લોકો પણ કોવિડ ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવાનું ભૂલી રહ્યા છે. એક ચોંકાવનારી બાબત સામે આવી રહી છે કે જિલ્લામાં RT-PCR ટેસ્ટ કરાવેલા વ્યક્તિઓ જ કોરોનાના સુપર સ્પ્રેડર બની રહ્યા છે.નર્મદા જિલ્લામાં કોરોનાવાયરસના RT-PCR ટેસ્ટ માટે અલગ અલગ જગ્યાએ સેમ્પલો લેવામાં આવે છે. અહીંથી સેમ્પલ ટેસ્ટિંગ માટે વડોદરા કે સુરત મોકલાય છે, રિઝલ્ટ આવતાં 3-4 દિવસ નીકળી જાય છે. આ સમયગાળા દરમિયાન RT-PCR ટેસ્ટ કરાવેલા વ્યક્તિઓ બજારમાં બિનદાસ્ત નિર્ભયપણે ફરી રહ્યા હોય છે. હવે જ્યારે 3-4 દિવસમાં જેનો રિપોર્ટ પોઝિટિવ આવે ત્યાં સુધીમાં તો એ વ્યક્તિઓએ કેટલાયે લોકોને સંક્રમિત કરી દીધા હોય છે.

## અંકલેશ્વરના વેપારી સાથે રેમડેસિવિર ઈન્જેક્શનના નામે ઓનલાઈન ઠગાઈ

**રેમડેસિવિરના** કાળાબજાર બાદ હવે ઇન્જેક્શન માટે ઓનલાઇન છેતરપિંડીનો કિસ્સો




અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસીસના વેપારી સાથે રેમડેસિવિર ઈન્જેક્શનના નામે ઓનલાઈન ઠગાઈ કરાતાં જીઆઈડીસી પોલીસે સાઈબર ક્રાઈમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કોરોના મહામારી વચ્ચે જ્યાં રેમડેસિવિર ઈન્જેક્શન કાળા બજારી બાદ સાઈબર ચાંચીયાઓએ માથું ઊંચક્યું છે.

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં રહેતા શાંતિલાલ ધોળુને તેમના નાસિક રહેતા સ્વજન માટે રેમડેસિવિર ઈન્જેક્શનની જરૂર પડી હતી. એ દરમિયાન તેમના મોબાઈલ નંબર પર અમિત નામના શખ્સનો ઝાયડસ કંપનીની લિંક સાથે સંપર્ક નંબર સામે આવ્યો હતો. કંપનીનું નામ જાણી તેમના દ્વારા 6 ઈન્જેક્શન માટે સંપર્ક કરાયો હતો. અમિત નામના શખ્સે પોતે કંપની સાથે જોડાયેલા હોવાનો વિશ્વાસ સંપાદન કરી 3000 રૂપિયા લેખે 18 હજાર રૂપિયા નક્કી કર્યા હતા. જે આધારે અડધું પેમેન્ટ ઓનલાઈન કરવાનું હતું અને બાકી હોસ્પિટલ ખાતે ડિલિવરી મળે ત્યારે આપવાનું હતું તેમ જણાવ્યું હતું. જેના આધારે પ્રથમ 9 હજાર રૂપિયા આપ્યા બાદ થોડીવાર બાદ બાકીનું પેમેન્ટ પણ આપવું પડશે. તેવી જાણ કરતાં તેવો દ્વારા અન્ય 7500 રૂપિયા મોકલાયા હતા. જ્યારે બાકીના 1500 રૂપિયા ડિલિવરી ખર્ચ રૂપે ડિલિવરી કરવા આવતા શખ્સને આપવાનું નક્કી કરાયું હતું. જેના આધારે તેવો રૂપિયા ઓનલાઈન ચૂકવી દીધા હતા અને અંતે થોડીવાર બાદ સાઈબર ઠગે મોબાઈલ બંધ કરી દેતાં શાંતિલાલભાઈને છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. તેમણે આ અંગે જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે સાઈબર ક્રાઈમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## હાંસોટના કતપોરમાં વૃક્ષારોપણ કરાયું



સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરથી 35 કિલોમીટર દૂર આવેલા હાંસોટ તાલુકાના કતપોર ગામે ખોડિયાર માતાના મંદિર નજીક પેરેડાઇઝ ઇન્ડિયા એનજીઓ દ્વારા રૂખડોના વૃક્ષ રોપવામાં આવ્યાં હતાં. આ રૂખડો વૃક્ષની ઊંચાઈ 15 મીટર એટલે કે લગભગ ૫૦ ફૂટ જેટલી હોય છે. અને તેના થડનો ઘેરાવો 25.5 ફૂટ જેટલો હોય છે. જેને લઇ રાહદારીઓ તેમજ તમામ માટે આ વૃક્ષ આશીર્વાદરૂપ અને શીતળતા બક્ષનારું પુરવાર થાય છે.


### જાહેર નોટીશ

ડો.જનમ ઠાકોર, GAS સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં. પરચુરણ/જન્મ-મરણ/અપીલ નં. ૧૨૬/૨૦૨૦

તા. ૦૭/૦૪/૨૦૨૧

વાદી : દામજીભાઇ ગીંબલાભાઇ વસાવા, રહે. સરવણફોકડી મોટી ફોકડી ફળિયું, તા. ઉમરપાડા, જી. સુરત

વિરૂધ્ધ

પ્રતિવાદી : જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી સરવણફોકડી ગૃપ ગ્રા.પં., તા. ઉમરપાડા, જી. સુરત

વિષય : જન્મ મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩ (૩) અન્વયે મરણની નોંધણી બાબત

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી દામજીભાઇ ગીંબલાભાઇ વસાવા, રહે. સરવણફોકડી, મોટીફોકડી ફળિયું, તા. ઉમરપાડા, જી. સુરત એ તેઓના માતા રતનીબેન ગીંબલાભાઇ વસાવાનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે.

૧. નોંધણી કરાવવાની છે તેનું નામ : રતનીબેન ગીંબલાભાઇ વસાવા, ૨. મરણ તારીખ : ૦૪/૦૭/૧૯૯૦,
૩. મરણનું સ્થળ : મોજે સરવણફોકડી મોટીફોકડી ફળિયું, તા. ઉમરપાડા, જી. સુરત

સબબ, ઉપરોક્ત વિગતે રતનીબેન ગીંબલાભાઇ વસાવાના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-30 માં અથવા આ કામની સુનાવણી તા. ૨૬/૦૪/૨૦૨૧ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૦૭/૦૪/૨૦૨૧ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી:- (ડો. જનમ ઠાકોર)
સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને નાયબ કલેકટર માંડવી પ્રાંત, માંડવી જિ. સુરત.